# ૨ જૂન -૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) તેલંગણા રાજ્યને બે વર્ષ પૂરા થયાં :**

- આજે ૨ જૂન ૨૦૧૬ના રોજ તેલંગણા રાજ્ય અસ્તિત્વમાં આવ્યુ તેના ૨ વર્ષ પૂરા થયા.
- ૨ જૂન ૨૦૧૪ના રોજ તેલંગણા ભારતના ૨૯માં રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.
- તેલંગણા મુખ્યમંત્રી : ચંદ્રશેખર રવિ
- તેલંગણા રાજ્યપાલ : ઇ.એસ. એલ. નરસિંહા

**(૨) રઝાક ખાન - અભિનેતા**

- કોમેડીયન રઝાક ખાનનું ૧ જૂનના રોજ હૃદય રોગના હમલાથી અવસાન
- તેમણે ફિલ્મી કારકીર્દિની શરૂઆત ફિલ્મ 'રૂપ કી રાની ચોરો કા રાજા' થી કરી હતી.
- તેમણે પોતાની કારકીર્દિમાં ૯૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.

**(૩) ચેમ્પિયમ ટ્રોફી કાર્યક્રમ :**

- તાજેતરમાં આઇસીસીએ ચેમ્પિયન્સ ટ્રોફીના કાર્યક્રમની જાહેરાત કરી.
- ૧ થી ૧૮ જૂન દરમિયાન આ મિનિ વર્લ્ડ કપ આવતા વર્ષે (૨૦૧૭) ઇંગ્લેન્ડમાં રમાશે.
- વેસ્ટઇન્ડિઝ આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થઇ શક્યુ નથી.
- નિયમ પ્રમાણે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના દિવસે આઇસીસીના વનડે રેન્કિંગમાં જે ટોચની આઠ ટીમ હોય તે જ ભાગ લઇ શકે છે.
- વર્ષ ૧૯૯૮માં ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ થયો હતો. ત્યારે દર બે વર્ષે આ ટુર્નામેન્ટનું આયોજન થતું.
- છેલ્લે ૨૦૧૩માં ભારત જીત્યા બાદ આઇસીસીએ દર ચાર વર્ષે આ ટુર્નામેન્ટ યોજવાનું નક્કી કર્યું છે.
- ૧૯૯૮માં યોજાયેલ પ્રથમ ટુર્નામેન્ટ સાઉથ આફ્રીકા જીત્યું હતું.

**(૪) દુનિયાની સૌથી લાંબી રેલવે ટનલ :**

- સ્વિત્ઝરલેન્ડમાં દુનિયાની સૌથી લાંબી રેલવે ટનલ ખુલી મુકાઇ
- લંબાઇ ૫૭.૧ કિલોમીટર
- ખર્ચ - ૧૨૫૦ કરોડ ડોલર
- આલ્પ્સ પર્વત નીચેથી પસાર થતી આ ટનલ બનતા ૧૭ વર્ષ લાગ્યા
- આ બાંધકામને, સ્વિસ સરકારે 'કન્સ્ટ્રક્શન ઓફ કન્ટ્રી' નામ આપ્યું.

**પ્રશ્નો :**

(૧) ૨ જૂન, ૨૦૧૬ ના રોજ કયાં રાજ્યને અસ્તિત્વમાં આવ્યાને બે વર્ષ પુરા થયા ?
- તેલંગણા

(૨) તેલંગણા ભારતનું કેટલામું રાજ્ય બન્યું ?
- ૨૧ મું

(૩) તેલંગણા મુખ્યમંત્રી... ?
- ચંદ્રશેખર રાવ

(૪) તેલંગણા રાજ્યપાલ... ?
- ઇ.એસ.એલ નરસિંહા

(૫) ૧ જૂનના રોજ ક્યાં કોમેડિયન કલાકારનું અવસાન થયું ?
- રઝાક ખાન

(૬) રઝાક ખાનની પ્રથમ ફિલ્મ જણાવો.
- 'રૂપ કી રાની ચોરો કા રાજા'

(૭) આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી-૨૦૧૭ કયાં યોજાશે ?
- ઇંગ્લેન્ડ

(૮) આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી દર કેટલા વર્ષે રમાય છે ?
- ચાર

(૯) આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત ક્યારથી થઇ હતી અને વિજેતા ?
- ૧૯૯૮- સાઉથ આફ્રિકા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧